# GUJARAT TECHNOLOGICAL UNIVERSITY
(Established by Government of Gujarat Under Gujarat Act No.: 20 of 2007)
# ગુજરાત ટૅક્નોલોજીકલ યુનિવર્સિટી
(ગુજરાત સરકારના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૦/૨૦૦૭ દ્વારા સ્થાપિત)

ESTD - 2007

**Ref.** જીટીયુ/મહેકમ/રજી.ઓ./લોકડાઉન/૨૦૨૦ તા.૨૪/૦૩/૨૦૨૦

**નોવેલ કોરોના વાઈરસ (Covid-19) અન્વયે જીટીયુ તથા તમામ સંલગ્ન કોલેજો માટે લોકડાઉનની સૂચનાઓનું પાલન કરવા બાબત**

વંચાણે લીધેલ : ૧) અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક જીટીયુ/મહેકમ/રજી.ઓ./૨૦૨૦, તા.૨૩/૦૩/૨૦૨૦
૨) શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક કરન/૧૦૨૦૧૦/૨૪૦૩૨૦૨૦/ખ-૨, તા. ૨૪-૦૩-૨૦૨૦
૩) ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંક જીજી/૨૦/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨

## પરિપત્ર

આથી ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સંચાલીત / સંલગ્ન કોલોજોના આચાર્યશ્રીઓ / અધ્યક્ષશ્રીઓ / ટ્રસ્ટીશ્રીઓ / ડાયરેક્ટરશ્રીઓ તથા જીટીયુ કાર્યાલયના તમામ કર્મચારીઓ / અધિકારીશ્રીઓને ઉપરોક્ત સંદર્ભીત વિષય અન્વયે જણાવવાનું કે નોવેલ કોરોના વાઈરસ (Covid-19) કે જેને વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. સરકારશ્રીના સંદર્ભ-૨ તથા સંદર્ભ-૩થી જે એપીડેમીક ડીસીઝીસ એક્ટ ૧૮૯૭ અને ધી ગુજરાત એપીડેમીક ડીસીઝીસ કોવિડ-૧૯ રેગ્યુલેશન ૨૦૨૦ની જોગવાઈઓ હેઠળ સમગ્ર રાજ્યમાં તા. ૨૩-૦૩-૨૦૨૦ થી ૩૧-૦૩-૨૦૨૦ સુધી લોકડાઉન જાહેર કરવાનો રાજ્ય સરકારશ્રીએ નિર્ણય લીધેલ છે.

ઉપર્યુક્ત બાબત અને આદેશમાં સૂચવ્યા મુજબની બાબતોને ધ્યાને લેતાં તકેદારીના ભાગ રૂપે તા. ૨૩-૦૩-૨૦૨૦ની મધરાતથી થી તા. ૩૧-૦૩-૨૦૨૦ સુધી યુનિવર્સિટી તથા યુનિવર્સિટી સંલગ્ન સંસ્થાઓ ખાતે શૈક્ષણિક તેમજ વહીવટી કામગીરી બંધ રાખવા જણાવેલ છે. જે અનવ્યે યુનિવર્સિટીના વિવિધ વિભાગો, અનુસ્નાતક સ્કૂલ તથા જીટીયુના તમામ ઝોનની કચેરીઓ અને જીટીયુ સંલગ્ન તમામ કોલેજોને તા. ૨૩ થી ૩૧ માર્ચ ૨૦૨૦ સુધી બંધ રહેશે જેની તમામ શૈક્ષણિક સંસ્થાઓ / વિદ્યાર્થીઓ / કર્મચારીઓ / અધિકારીશ્રીઓએ નોંધ લેવી.

યુનિવર્સિટી તથા યુનિવર્સિટી સંલગ્ન સંસ્થાના શૈક્ષણિક - બિનશૈક્ષણિક તમામ કર્મચારીઓ / અધિકારીઓએ ફરજ પરનું મુખ્ય મથક છોડવાનું રહેશે નહીં અને આવશ્યક ફરજ માટે સ્ટેન્ડબાય રહેવાનું રહેશે. જ્યારે પણ સરકારશ્રી / યુનિવર્સિટીને સ્ટાફની આવશ્યકતા પડે અને જિલ્લા તંત્ર દ્વારા જે ફરજ સોંપવામાં આવે તે ફરજ અચૂક બજાવવાની રહેશે. યોગ્ય સમયે માહિતી મળી રહે તે માટે ઈમેઈલ તથા વોટ્સએપ તથા યુનિવર્સિટીની વેબસાઈટ ચેક કરતા રહેવું.

-sd-
**કુલસચિવ**



**Chandkheda :** GTU Campus, Nr. Visat Three Road, Chandkheda, Ahemdabad - 382 424, Gujarat, India. Ph. : 079 - 232 67 521 / 570
e-mail : info@gtu.ac.in URL : www.gtu.ac.in